Signature of Invigilators

1. ..............................

2. ..............................

# LAW

## Paper II

Roll No. [ ][ ][ ][ ][ ]

(In figures as in Admit Card)

Roll No. ..............................

..............................

(In words)

# D—1602

Name of the Areas/Section (if any) ..............................

Time Allowed : 75 Minutes] [Maximum Marks : 100

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of *fifty* **(50)** multiple choice type questions. *All* questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter 'A' should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong Method A or A
4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under paper II only
5. Read instructions given inside carefully.
6. One sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.

૨. આ પ્રશ્નપત્રમાં **૫૦ (પચાસ)** બહુવૈકલ્પિક ઉત્તરોવાળા પ્રશ્નો છે. **બધા જ** પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે.

૩ પ્રત્યેક વિગતના (A), (B), (C) અને (D) એવા ચાર સંભવિત ઉત્તરો આપવામાં આવ્યા છે. તમે સ્વીકારેલા વિકલ્પનો ઉત્તર કેપિટલ (પહેલી એબીસીડી) અક્ષરમાં આપવાનો રહેશે.તમારા ઉત્તર આપેલા ચોરસમાં સરખી રીતે લખવા.

સાચી પદ્ધતિ : **A** ખોટી પદ્ધતિ : A , A

૪. આ પ્રશ્નપત્રના ઉત્તરો આઈસીઆરના ઉત્તરપત્રકમાં Paper II ની નીચે લખવાના રહેશે.

૫. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.

૬. આ ઉત્તરપોથીને અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.

૭. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈપણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.

SEAL

# LAW
# કાયદો
## PAPER—II
## પ્રશ્નપત્ર—II

*Note* :— This paper contains **fifty (50)** multiple-choice questions, each question carrying **two (2)** marks. Attempt *all* the questions.

**નોંધ** : – આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્ન છે. દરેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે. બધા પ્રશ્નોના ઉત્તર આપો.

1. The Vice-President of India may be removed from his office :

(A) by a resolution of the Council of States passed by a majority of the members present and voting

(B) by a resolution of the Council of States passed by a majority of all the then members of the Council

(C) by a resolution of the Council of States passed by a majority of all the then members of the Council and agreed to by the House of People

(D) None of the above

ભારતના ઉપ-રાષ્ટ્રપતિને સત્તા સ્થાનેથી કેવી રીતે દૂર કરી શકાય ?

(A) રાજ્યસભામાં હાજર રહી મતદાનમાં ભાગ લીધો છે તેવા સભ્યોની બહુમતિથી પસાર કરવામાં આવેલા ઠરાવથી

(B) રાજ્યસભાના બધા જ સભ્યોની બહુમતીથી પસાર કરવામાં આવેલા ઠરાવથી

(C) રાજ્યસભાના તે વખતના બધા જ સભ્યોની બહુમતીથી પસાર કરવામાં આવેલા ઠરાવથી કે જેને લોકસભાએ મંજૂરી આપી છે

(D) ઉપરનું કાંઈ નહીં

2. Fundamental right to property under Article 31 was deleted by :

(A) 24th Amendment (B) 42nd Amendment

(C) 43rd Amendment (D) 44th Amendment

અનુચ્છેદ–૩૧ અન્વયેના મિલકત ધરાવવાના મૂળભૂત અધિકારને............સુધારાથી નાબુદ કરવામાં આવ્યો છે :

(A) ૨૪મા સુધારાથી (B) ૪૨મા સુધારાથી

(C) ૪૩મા સુધારાથી (D) ૪૪મા સુધારાથી

3. Right to Privacy is a :

(A) Constitutional Right only

(B) Fundamental Right under Article 19(1) (*d*)

(C) Fundamental Right under Article 21

(D) Fundamental Right under both Article 19(1) (*d*) and Article 21

રાઈટ ટુ પ્રાઈવસી કયા પ્રકારનો અધિકાર છે :

(A) માત્ર બંધારણીય અધિકાર

(B) અનુચ્છેદ–૧૯(૧) (ડ) અન્વયે મૂળભૂત અધિકાર

(C) અનુચ્છેદ–૨૧ અન્વયે મૂળભૂત અધિકાર

(D) અનુચ્છેદ–૧૯(૧) (ડ) અને અનુચ્છેદ–૨૧ અન્વયે મૂળભૂત અધિકાર

4. Which of the following statements is incorrect ?

(A) No citizen of India shall accept any title from any foreign state without the consent of the President of India

(B) No person who is not a citizen of India shall, while he holds any office of profit under the state, shall accept any title from any foreign state without the consent of the President of India

(C) No title, not being a military or academic distinction, shall be conferred by the state

(D) No person holding any office of profit under the state shall accept any present or emolument from any foreign state without the consent of the President of India

નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) ભારતના રાષ્ટ્રપતિની સંમતિ મેળવ્યા સિવાય ભારતનો કોઈપણ નાગરિક વિદેશી રાજ્યનો ઈલકાબ સ્વીકારી શકે નહીં

(B) ભારતના રાષ્ટ્રપતિની સંમતિ મેળવ્યા સિવાય, ભારતનો નાગરિક ન હોય તેવી વ્યક્તિ, કે જે રાજ્ય હેઠળ લાભદાયક હોદ્દો ધરાવતો હોય તે વિદેશી રાજ્યનો ઈલકાબ સ્વીકારી શકશે નહીં

(C) રાજ્ય લશ્કરી કે શૈક્ષણિક પ્રતિભા સિવાયના ઈલકાબ આપી શકશે નહીં

(D) ભારતના રાષ્ટ્રપતિની સંમતિ મેળવ્યા સિવાય, કોઈપણ વ્યક્તિ કે જે રાજ્ય હેઠળ લાભદાયક હોદ્દો ધરાવતો હોય, તે વિદેશી રાજ્ય તરફથી ભેટ કે મહેનતાણુ સ્વીકારી શકશે નહીં

5. Article 368 lays down the power and procedure for the amendment of the constitution but :

(A) Fundamental Rights cannot be amended

(B) Directive Principles of State Policy cannot be amended

(C) Article 368 cannot be amended

(D) None of the above

અનુચ્છેદ–૩૬૮ બંધારણમાં સુધારા કરવાની સત્તા અને તેની કાર્યપદ્ધતિની જોગવાઈ કરે છે પરંતુ :

(A) મૂળભૂત અધિકારોમાં સુધારા ન થઈ શકે

(B) રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સુધારા ન થઈ શકે

(C) અનુચ્છેદ–૩૬૮ સુધારી શકાય નહીં

(D) ઉપરનું કોઈ લાગુ પડતુ નથી

6. The right to freedom of conscience and freedom to profess, practice and propagate any religion granted under Article 25 of the Constitution is :

(A) an absolute right

(B) subject to public order

(C) subject to public order, morality and health

(D) subject to public order, morality and health and to the other provisions of the Constitution

બંધારણના અનુચ્છેદ–૨૫ હેઠળ અંતરઆત્માનું સ્વાતંત્ર્ય અને કોઈપણ ધર્મનું આચરણ અને પ્રસાર કરવાનું સ્વાતંત્ર્ય :

(A) સંપૂર્ણ હકક છે

(B) જાહેર સુલેહશાંતિને આધિન રહીને છે

(C) જાહેર સુલેહશાંતિ, નીતિમત્તા અને સ્વાથ્યને આધિન છે

(D) જાહેર સુલેહશાંતિ, નીતિમત્તા અને સ્વાસ્થ્ય તેમજ બંધારણની બીજી અન્ય જોગવાઈઓને આધિન છે

7. Legislation was subordinate to custom. This view was expressed by :

(A) Salmond

(B) Savigny

(C) Grotius

(D) Austin

વિધિવિધાન રૂઢિથી ગૌણ સ્વરૂપનું કાયદાનું ઉદ્દભવ સ્થાન છે. આ વિચાર કોણે અભિવ્યક્ત કર્યો :

(A) સામંડ

(B) સેવિની

(C) ગ્રોષિસ

(D) ઓસ્ટિન

8. Who defined Jurisprudence as "Science of the First Principles of Civil Law" ?

(A) Austin (B) Dr. Jenks

(C) Salmond (D) Holland

''વિધિમિમાંસાએ દિવાની કાયદાના પ્રથમ સિદ્ધાંતનું વિજ્ઞાન છે'' તેવી વ્યાખ્યા કોણે આપી :

(A) ઓસ્ટિન (B) ડો. જેન્કસ

(C) સામંડ (D) હોલેન્ડ

9. The jurists of analytical school consider that the most important aspect of law is :

(A) its relation to the subjects

(B) its relation with the society

(C) its relation with the custom

(D) its relation with the state

વિવરણલક્ષી કાયદાશાસ્ત્રના ન્યાયવિદોના મત પ્રમાણે કાયદાનું મહત્વનું પાસુ :

(A) તેના નાગરિકો સાથેના સંબંધો છે

(B) તેના સમાજ સાથેના સંબંધો છે

(C) તેના રૂઢિ સાથેના સંબંધો છે

(D) તેના રાજ્ય સાથેના સંબંધો છે

10. Philosophical School of Jurisprudence is also known as :

(A) Metaphysical School (B) Law of Nature School

(C) Ethical School (D) All of these

દર્શનશાસ્ત્ર લક્ષી કાયદાશાસ્ત્રને..........તરીકે ઓળખવામાં આવે છે :

(A) મેટાફીઝીકલ વિચારસરણી (વિશુદ્ધ) (B) નૈસર્ગિક કાયદાની વિચારસરણી

(C) નીતિશાસ્ત્ર લક્ષી વિચારસરણી (D) આપેલાં બધાં જ

11. A custom in order to be recognised as law by the court must consist of :

(A) Antiquity (B) Reasonableness

(C) Conformity with statute law (D) All of these

અદાલત રૂઢિને કાયદાની માન્યતા આપતી વખતે, રૂઢિમાં નીચેના કયા તત્વોને ધ્યનમાં લે છે :

(A) ચીરકાલિનતા (B) વ્યાજબીપણું

(C) વિધાન સાથેની એકરૂપતા (D) આપેલાં બધાં જ

12. Imperfect right means :

(A) Rights which are not accrued

(B) A right without remedy

(C) A remedy without right

(D) Rights which are not enforceable

અપૂર્ણ અધિકાર એટલે કે :

(A) એવા અધિકારો જેનો ઉદ્દભવ નથી થયો

(B) ઉપાય વગરનો અધિકાર

(C) અધિકાર–વગરનો ઉપાય

(D) એવા અધિકારો જેનો અમલ થઈ શકતો નથી

13. A contract becomes impossible to perform if :

(A) The goods are not available in the market

(B) Workers are on strike

(C) Subject-matter was destroyed at the time of contract

(D) Raw material is not supplied

કરારનું પાલન કરવું અશક્ય બને છે જો :

(A) બજારમાં માલ હાજર ન હોય તો

(B) કામદારો હડતાલ ઉપર હોય

(C) કરારની વિષયવસ્તુનો કરાર કરતી વખતે નાશ થવો

(D) કાચામાલનો પૂરવઠો ન મળવાથી

14. In case of breach of contract damages are payable to :

(A) Punish a person for breach of contract

(B) Compensate the person for special losses

(C) Put the parties in a situation as if contract is not broken

(D) None of the above

કરારભંગમાં નુકસાની વળતર ચૂકવવામાં આવે છે કારણ કે :

(A) કરારભંગ કરનાર વ્યક્તિને સજા કરવા માટે

(B) વ્યક્તિને થયેલા વિશિષ્ટ નુકસાનને ભરપાઈ કરવા

(C) જાણે કે કરારભંગ થયો જ નથી તેવી પરિસ્થિતિમાં કરારના પક્ષકારોને મુકવા માટે

(D) ઉપરના પૈકી કોઈ નહીં

15. Which one of the following statement is the correct answer with regard to "an agreement the meaning of which is neither certain nor is capable of being made certain" ?

(A) Agreement is illegal (B) Agreement is void

(C) Agreement is valid (D) Agreement is voidable

''સમજૂતી કે જેનો અર્થ અચોકકસ હોય અથવા ચોકકસ બનાવી શકાય તેમ ન હોય'' તેના સંદર્ભમાં નીચેના પૈકી કયું નિવેદન સાચું છે :

(A) સમજૂતી ગેરકાનૂની છે (B) સમજૂતી વ્યર્થ છે

(C) સમજૂતી યથાર્થ છે (D) સમજૂતી વ્યર્થ થવાને પાત્ર છે

16. In order to render a contract void on the plea of 'mistake' :

(A) The mistake may be of law or of fact

(B) Only one of the parties must be under mistake

(C) The mistake should be one of fact and not of law

(D) The mistake should be one of law and not of fact

ભૂલના સંદર્ભમાં કરારને વ્યર્થ ઠરાવવા માટે ભૂલ :

(A) ભૂલ કાયદાની કે હકીકતની હોવી જોઈએ

(B) પક્ષકારો પૈકી એક જ પક્ષકારની ભૂલ

(C) ભૂલ હકીકતની હોવી જોઈએ, નહીં કે કાયદાની

(D) ભૂલ કાયદાની હોવી જોઈએ, નહીં કે હકીકતની

17. The leading authority on "an agreement with minor is void" is :

(A) Nash *Vs.* Inman

(B) Mohir Bibi *Vs.* Dharamdas Ghosh

(C) Carlil *Vs.* Carbolic Smoke Ball Co.

(D) Gobindram *Vs.* Piranditta

સગીર સાથેનો કરાર વ્યર્થ છે તેને લગતો મહત્વનો ચૂકાદો કયો છે :

(A) નાશ **વિ.** ઈનમાન

(B) મોહિરી બીબી **વિ.** ધરમદાસ ઘોષ

(C) કરલીલ **વિ.** કાર્બોલિક સ્મોક બોલ કું

(D) ગોબિંદરામ **વિ.** પિરનદીતા

18. In India decisions about frustration of contract are based on :
(A) The theory of implied term
(B) The theory of just and reasonable solution
(C) Principle of equity
(D) Supervening impossibility or illegality as per section 56 of the Indian Contract Act

ભારતમાં કરારની નિષ્ફળતા અંગેના નિર્ણયો નીચેના પૈકી કોના ઉપર આધારિત છે :
(A) ગર્ભિત શરતનો સિદ્ધાંત
(B) ન્યાયી અને વ્યાજબી ઉકેલનો સિદ્ધાંત
(C) સમન્યાયનો સિદ્ધાંત
(D) ભારતીય કરાર ધારાની કલમ ૫૬ મુજબ પાછળથી અશક્ય અથવા ગેરકાયદેસર બનતું કાર્ય

19. 'Vis Major' means :
(A) Act of God
(B) A major vice
(C) The main ground for action
(D) None of these

'વીસ મેજર' એટલે :
(A) ઈશ્વરનું કૃત્ય
(B) એક મોટું દુષણ
(C) પગલાં લેવા માટેનું મુખ્ય કારણ
(D) આપેલાં પૈકી કોઈપણ નહીં

20. Law of Torts developed mainly :
(A) Through enactments
(B) Through customs
(C) Through judicial decisions
(D) None of these

અપકૃત્યના કાયદાનો વિકાસ ખાસ કરીને..........થયો છે :
(A) ઘડાયેલા કાયદાથી
(B) રૂઢિથી
(C) ન્યાયિક ચૂકાદાઓથી
(D) આપેલાં પૈકી કોઈપણ નહીં

21. Mens rea, motive and intention :
(A) must be always established to succeed in a suit for tort
(B) are irrelevant in most of the torts
(C) are irrelevant in all claims for tort
(D) have subsidiary role in torts

ગુન્હાહિત માનસ, હેતુ અને ઈરાદો :
(A) અપકૃત્યના દાવામાં સફળ થવા સાબિત કરવા પડે
(B) મોટાભાગના અપકૃત્યમાં અપ્રસ્તુત છે
(C) અપકૃત્યના દરેક દાવાની દાદમાં અપ્રસ્તુત છે
(D) અપકૃત્યમાં આનુ મહત્વ ઓછું છે

22. Tort means :

(A) a wrong (B) a legal wrong

(C) a legal civil wrong (D) None of these

અપકૃત્ય એટલે :

(A) એક ખોટું (કૃત્ય) (B) એક કાનૂની રીતે ખોટું કૃત્ય

(C) એક કાનૂની રીતે દિવાની ખોટું કૃત્ય (D) આપેલામાંથી કોઈપણ નહીં

23. Volenti non fit injuria is :

(A) a specific tort

(B) knowledge of the wrong

(C) a defence in tortious action

(D) a general defence in contract

સ્વેચ્છાએ સ્વીકારેલી હાની એ :

(A) વિશિષ્ટ અપકૃત્ય છે

(B) અપકૃત્યના જ્ઞાનની બાબત છે

(C) અપકૃત્યજન્ય કાનૂની પૈરવીમાં બચાવનું કારણ છે

(D) કરારમાં ઉપલબ્ધ સામાન્ય બચાવ છે

24. Tortious liability arises because of :

(A) Malicious Intention (B) Criminal motive

(C) Breach of a legal duty (D) Breach of a contractual duty

અપકૃત્યજન્ય જવાબદારી ઉપસ્થિત થવાનું કારણ :

(A) દ્વેષયુક્ત ઈરાદો (B) ગુન્હાહિત હેતુ

(C) કાનૂની ફરજનો ભંગ (D) કરારજન્ય ફરજોનો ભંગ

25. In case of offence of Dowry death such death should have occurred within......... years of her marriage.

(A) 5 (B) 7

(C) 10 (D) 12

દહેજના કારણે મૃત્યુ થયેલ હોય તેવા ગુનામાં આવું મૃત્યુ લગ્ન પછીના............વર્ષ દરમ્યાન થયેલું હોવું જોઈએ :

(A) ૫ (B) ૭

(C) ૧૦ (D) ૧૨

26. Criminal conspiracy requires at least..............persons.

(A) one
(B) two or more
(C) two
(D) any number of persons

ગુન્હાહિત કાવત્રામાં ઓછામાં ઓછી કેટલી વ્યક્તિઓ હોવી જરૂરી છે :

(A) એક
(B) બે અથવા વધારે
(C) બે
(D) ગમે તે સંખ્યાની વ્યક્તિઓ

27. Sometimes a person himself does not commit an offence. He helps or aids another person in committing an offence. But then he is guilty of :

(A) Conspiracy
(B) Abetment
(C) Incitement
(D) None of these

કેટલીક વખત વ્યક્તિ પોતે ગુન્હો કરતી હોતી નથી. તે બીજી વ્યક્તિને ગુન્હો કરવામાં મદદરૂપ થાય છે. પરંતુ તેમ કરવામાં તે નીચેના પૈકી કયો ગુનો કરે છે :

(A) કાવત્રું કરવું
(B) (ગુનામાં) મદદગારી કરવી
(C) (ગુનો કરવા) ઉશ્કેરણી કરવી
(D) આપેલાં પૈકી કોઈપણ નહીં

28. Who of these cannot be held criminally liable ?

(A) A child between 7 and 13 years of age
(B) A firm
(C) A company
(D) President of India

નીચેના પૈકી કઈ વ્યક્તિને ફોજદારી જવાબદારી માટે જવાબદાર ઠરાવી શકાય નહિ ?

(A) સાતથી-તેર વર્ષની વચ્ચેની ઉંમરનું બાળક
(B) પેઢી
(C) કંપની
(D) ભારતના રાષ્ટ્રપતિ

29. According to section 84 of IPC an insane person must be incapable of knowing :

(A) Nature of the act
(B) The act was contrary to law
(C) The act was wrong
(D) All of these

ભારતીય ફોજદારી ધારાની કલમ ૮૪ પ્રમાણે ગાંડી વ્યક્તિ નીચેના પૈકી કઈ બાબત જાણવા માટે અસમર્થ છે :

(A) કૃત્યનો પ્રકાર કયો છે તે
(B) કૃત્ય કાયદા વિરુદ્ધનું હતું તે
(C) કૃત્ય એ અપકૃત્ય હતું તે
(D) આપેલાં પૈકી બધાં જ

30. A is liable for the offence of criminal attempt when :
(A) A purchases poison to give it to B
(B) A gives a cup of tea mixed with sugar to B, thinking it to be dangerous poison
(C) A desires to give poison to his servant to mix it in tea to be given to B
(D) A mixes poison in the tea and places it on the table to be taken by B
'અ' ગુનો કરવાના પ્રયત્ન માટે જવાબદાર છે જયારે :
(A) 'બ' ને ઝેર આપવા માટે ઝેરની ખરીદી કરે ત્યારે
(B) 'અ', 'બ' ને ખાંડ ઓગાળીને ચાનો કપ આપે ત્યારે વિચારે કે તે જોખમકારક ઝેર છે ત્યારે
(C) 'અ' પોતાના નોકર પાસે, 'બ' ને ઝેર ભેળવીને ચા આપવાની ઈચ્છા વ્યકત કરે
(D) 'અ', ચાના કપમાં ઝેર ભેળવીને કપને ટેબલ ઉપર મૂકે કે જે 'બ' લેવાનો હોય

31. Who, according to the natural law, is the maker of international law ?
(A) God or Nature
(B) Human beings
(C) States
(D) None of these
નૈસર્ગિક કાયદા મુજબ આંતરરાષ્ટ્રીય કાયદાનો ઘડવૈયો કોણ છે ?
(A) ઈશ્વર અથવા કુદરત
(B) મનુષ્યો
(C) રાજયો
(D) આપેલાં પૈકી કોઈપણ નહીં

32. Decisions of the International Court of Justice are of binding force :
(A) For the parties only
(B) For all the states of the world
(C) For all the members of the U.N.O.
(D) For (A) and (B) only
આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતના નિર્ણયો કોને બંધનકર્તા હોય છે ?
(A) માત્ર પક્ષકારોને
(B) વિશ્વના બધા રાજયોને
(C) યુ.એન.ઓ. ના બધા સભ્યોને
(D) માત્ર એમાં જણાવેલ (A) અને (B) ને

33. 'Recognition' is necessary :
(A) For establishing mutual relationship
(B) For seeking approval of other states
(C) For seeking help of other states for acquiring statehood
(D) None of the above
'માન્યતા' શેને માટે જરૂરી છે ?
(A) રાજયોનો પરસ્પર સંબંધ સ્થાપિત કરવા માટે
(B) બીજા રાજયોની માન્યતા મેળવવા માટે
(C) રાજયનો દરજજો પ્રાપ્ત કરવા માટે બીજા રાજયોની મદદ મેળવવા
(D) ઉપરના પૈકી કોઈપણ નહીં

34. Permanent Court of Arbitration :
(A) Does not exist today
(B) Does exist today
(C) Exists as one of the organs of the UNO
(D) Exists as part of the ICJ
લવાદ અંગે કાયમી અદાલત :
(A) હાલમાં અસ્તિત્વમાં નથી
(B) હાલમાં અસ્તિત્વમાં છે
(C) યુ.એન.ઓ. ના એક અંગ તરીકે અસ્તિત્વમાં છે
(D) આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતના એક ભાગ તરીકે અસ્તિત્વમાં છે

35. Can the Security Council or the General Assembly become a party to a dispute between themselves and the States ?
(A) They can
(B) They cannot
(C) They can when the states agree to their being a party
(D) They can when the ICJ permits them
શું સલામતિ સમિતિ અથવા સામાન્ય સભા, તેમની અને રાજયો વચ્ચેના વિવાદમાં પક્ષકાર થઈ શકે ?
(A) થઈ શકે
(B) ના થઈ શકે
(C) થઈ શકે જો રાજયો તેમને પક્ષકાર બનાવવાનું સ્વીકારે તો
(D) જો આંતરરાષ્ટ્રીય ન્યાયની અદાલત મંજૂરી આપે તો

36. The term 'Hindu' used in the Hindu Marriage Act, 1955 includes all except one :
(A) Sikhs
(B) Jains
(C) Buddhists
(D) Parsis
૧૯૫૫ ના હિંદુ લગ્ન ધારામાં 'હિંદુ' શબ્દનો ઉપયોગ થયો છે તેમાં એક સિવાય બધાનો સમાવેશ થાય છે ?
(A) શીખ
(B) જૈન
(C) બુદ્ધિષ્ઠ
(D) પારસી

37. When can Muslim wife re-marry after divorce ?
(A) Can re-marry immediately
(B) Shall have to wait till the period of Iddat is over
(C) Shall have to wait for one year
(D) None of the above
મુસ્લીમ પત્ની છૂટાછેડા પછી બીજુ લગ્ન કયારે કરી શકે ?
(A) બીજુ લગ્ન તરત જ કરી શકે
(B) ઈદ્દતનો સમય પૂરો થાય તેની રાહ જોયા પછી
(C) એક વર્ષ સુધી રાહ જોવી પડે
(D) ઉપરનું કાંઈ લાગુ પડતુ નથી

38. The minimum age of marriage for the boy is..............years and for the girl is...........years.

(A) 18, 21 (B) 21, 18

(C) 18, 18 (D) 21, 21

લગ્ન માટે છોકરાની લઘુત્તમ ઉંમર ........ વર્ષ અને છોકરીની .......... વર્ષ છે :

(A) ૧૮, ૨૧ (B) ૨૧, ૧૮

(C) ૧૮, ૧૮ (D) ૨૧, ૨૧

39. When a Muslim husband and wife mutually consent to a divorce, it is known as ?

(A) Talaq (B) Khula

(C) Mubarat (D) None of these

જ્યારે મુસ્લીમ પતિ અને પત્ની છૂટાછેડા માટે એકબીજા સાથે સંમત થાય તો તેને :

(A) તલાક (B) ખુલા

(C) મુબારત (D) આપેલાં પૈકી કોઈપણ નહીં

40. A marriage between an unmarried woman and a married man is :

(A) Void (B) Voidable

(C) Irregular (D) None of these

અપરિણિત સ્ત્રી અને પરિણિત પુરુષ વચ્ચેનું લગ્ન :

(A) વ્યર્થ (B) વ્યર્થ થવાને પાત્ર

(C) અનિયમિત (D) આપેલાં પૈકી કોઈપણ નહીં

41. Ceremonies of marriage are not necessary under :

(A) The Hindu Marriage Act (B) The Muslim Law

(C) The Parsi Law (D) The Special Marriage Act

કયા ધારા હેઠળ લગ્ન અંગેની વિધિઓની જરૂરિયાત નથી ?

(A) હિંદુ લગ્નવિષયક ધારો (B) મુસ્લીમ લૉ

(C) પારસીનો કાયદો (D) વિશિષ્ટ લગ્ન ધારો

42. Under section 25 FFA of the Industrial Disputes Act 1947 employer shall serve at least...............days notice before the intended closure is to become effective.

(A) 10 (B) 20

(C) 60 (D) 90

૧૯૪૭ ના ઔદ્યોગિક ધારાની કલમ ૨૫ FFA, અન્વયે માલિકોએ ઉદ્યોગ બંધ કરતાં પહેલા/ઉદ્યોગને બંધ કરવાનું લાગુ પાડતા પહેલાં .............. દિવસની નોટિસ આપવી જોઈએ :

(A) ૧૦ (B) ૨૦

(C) ૬૦ (D) ૯૦

43. Under section 22 (Chapter V) of the Industrial Disputes Act, 1947, no person employed in a public utility service shall go on strike in breach of contract :

(A) without giving to the employer notice of strike within six weeks before striking, or

(B) within 30 days of giving such notice, or

(C) before the expiry of the date of notice as mentioned in (B) above, or

(D) during the pendency of any conciliation proceedings before a conciliation office and ten days after the conclusion of conciliation proceedings

૧૯૪૭ ના ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૨ (પ્રકીર્ણ–પાંચ) પ્રમાણે, કોઈપણ વ્યક્તિ કરાર ભંગ કરીને જાહેર ઉપયોગી સેવામાં નીચેની કઈ શરતનું પાલન કર્યા સિવાય હડતાલ પાડી શકશે નહીં :

(A) હડતાલ પાડવાના ઈરાદાની માલિકને નોટિસ આપ્યાના છ અઠવાડીયામાં હડતાલ પાડશે નહીં

(B) આવી નોટિસ આપ્યાના ૩૦ દિવસમાં હડતાલ પાડશે નહીં

(C) ઉપરોક્ત (B) માં દર્શાવેલ નોટિસની તારીખના અંત પહેલા હડતાલ પાડશે નહીં

(D) સમાધાન અધિકારી પાસે સમાધાનની કાર્યવાહી ચાલુ હોય તે દરમ્યાન અને કાર્યવાહી પૂરી થયાના દશ દિવસમાં હડતાલ પાડી શકાશે નહીં

44. Under the Industrial Disputes Act, 1947 no employer carrying on any public utility service shall lock out within :

(A) 7 days (B) 14 days

(C) 15 days (D) 30 days

૧૯૪૭ ના ઔદ્યોગિક વિવાદ ધારા હેઠળ જાહેર ઉપયોગી સેવામાં રોકાયેલ માલિક ........માં (લૉક આઉટ) તાળાબંધી કરી શકશે નહીં :

(A) ૭ દિવસ (B) ૧૪ દિવસ

(C) ૧૫ દિવસ (D) ૩૦ દિવસ

45. Jurisprudence is concerned with the analysis of :

(A) Philosophy (B) Legal Theories

(C) Legal Concepts (D) Customary Rules

વિધિમિમાંસાને..........નું પૃથકકરણ કરવા સાથે સંબંધ :

(A) દર્શનશાસ્ત્ર (B) કાનૂની વિચારસરણીઓ

(C) કાનૂની ખ્યાલો (D) રૂઢિગત રીવાજો

46. Whose definition of International Law pre-supposes that states constitute a society and that this society has a legal system, International Law or Law of Nations ?

(A) Oppenheim (B) J. L. Brierly
(C) Torsten Grik (D) W. Friedman

આંતરરાષ્ટ્રીય કાયદા અંગેની કોની વ્યાખ્યા એવું પૂર્વઅનુમાન કરે છે કે રાજ્ય સમાજની રચના કરે છે અને આવા સમાજમાં કાનૂની વ્યવસ્થા હોય છે જેને આંતરરાષ્ટ્રીય કાયદો અથવા રાષ્ટ્રોનો કાયદો કહેવામાં આવે છે :

(A) ઓપનહેમ (B) જે.એલ. બ્રીયરલી
(C) ટોરસ્ટન ગ્રીક (D) ડબ્લ્યુ. ફ્રિડમેન

47. The Constitution of India came into force from :

(A) January 26, 1948 (B) 15th August 1947
(C) January 26, 1950 (D) 15th August 1950

ભારતનું સંવિધાન કઈ તારીખથી અમલમાં આવ્યું ?

(A) જાન્યુઆરી ૨૬, ૧૯૪૮ (B) ૧૫ ઓગષ્ટ ૧૯૪૭
(C) જાન્યુઆરી ૨૬, ૧૯૫૦ (D) ૧૫ ઓગષ્ટ ૧૯૫૦

48. Which of the following is not a ground of void marriage under section 11 of the Hindu Marriage Act ?

(A) Bigamy (B) Degrees of Prohibited relationship
(C) Sapinda relationship (D) None of these

નીચેનામાંથી કયું કારણ, હિંદુ લગ્ન ધારાની કલમ–૧૧ પ્રમાણે વ્યર્થ લગ્નનું કારણ નથી :

(A) બહુપત્નીત્વ (B) પ્રતિબંધિત સંબંધ
(C) સપિંડ સંબંધ (D) આપેલાં કોઈ કારણ નહીં

49. 'A' is a Hindu female aged about 24 years. 'A' adopted a boy of 12 years old. The adoption is :

(A) Valid (B) Void
(C) Against Public Policy (D) Voidable

૨૪ વર્ષની 'અ' નામની હિંદુ સ્ત્રીએ દત્તક વિધાનમાં એક ૧૨ વર્ષના છોકરાને દત્તક લીધો આ દત્તક વિધાનનું સ્વરૂપ કેવું છે :

(A) યથાર્થ (B) વ્યર્થ
(C) જાહેર નીતિ વિરૂદ્ધનું (D) વ્યર્થ થવાને પાત્ર

50. A leading case on the mental cruelty is :

(A) Russel *Vs.* Russel (B) Dastane *Vs.* Dastane
(C) William *Vs.* William (D) Collins *Vs.* Collins

માનસિક ત્રાસની બાબતમાં મહત્વનો ચૂકાદો કયો :

(A) રસેલ વિ. રસેલ (B) દાસ્તને વિ. દાસ્તને
(C) વિલિયમ વિ. વિલિયમ (D) કોલિન્સ વિ. કોલિન્સ

## ROUGH WORK

## ROUGH WORK

SEAL